
# દિવાળીમાં મોંઘા દાગીના ભાડાના!

**મોંઘવારીમાં** પૈસા અને જગ્યાની બચત સાથે વેપારીઓ માટે ભાડાની કમાણીનું નવું બજાર ઊભું થયું

**ઘર** સજાવટથી લઈને મોંઘાં કપડાં, જ્વેલરી અને વાસણો સુધીની વસ્તુઓ ભાડે મળતી થઈ





## વેપારીઓ માટે એક વસ્તુમાંથી વારંવાર આવક મેળવવાની તક

હોમ ડેકોરેશનના વ્યવસાય સાથે જોડાયેલા હિતેશભાઈ મહિડા જણાવે છે કે, ડેકોરેશનની સામગ્રી, ફર્નિચર, લાઇટિંગ, વાસણો અને પરંપરાગત વસ્ત્રો જેવી વસ્તુઓ એક વખત ખરીદ્યા બાદ અનેક ગ્રાહકોને ભાડે આપી શકાય છે. આમ, એક જ વસ્તુમાંથી વારંવાર આવક મેળવવાની તક મળે છે. તહેવારો ઉપરાંત લગ્નપ્રસંગો, જન્મદિવસ અને અન્ય સામાજિક પ્રસંગોમાં પણ આવી વસ્તુઓની માંગ રહેતી હોવાથી આ વ્યવસાયને આખું વર્ષ આગળ વધારવાની સંભાવના છે.

સુરતઃ દિવાળી એટલે ઘરની સજાવટ, નવી લાઇટિંગ, ફર્નિચર, વાસણો અને નવાં કપડાંની ખરીદીનો ઉત્સાહ. જોકે, બદલાતા સમય સાથે હવે આ ખરીદીની પરંપરામાં પણ મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. મોંઘવારીના સમયમાં તહેવારો પૂરતી જ ઉપયોગમાં આવતી મોંઘી વસ્તુઓ ખરીદવાને બદલે ભાડે લેવાનો નવો ટ્રેન્ડ ઝડપથી લોકપ્રિય બની રહ્યો છે. ઘર સજાવટથી લઈને મોંઘાં વસ્ત્રો અને જ્વેલરી સુધીની વસ્તુઓ ભાડે મળતી થતાં ગ્રાહકો માટે ઓછા ખર્ચે તહેવારની રંગત માણવાનો વિકલ્પ ઊભો થયો છે.

ઈવેન્ટ મેનેજમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલાં શિલ્પાબેન જાનીના જણાવ્યા અનુસાર ભાડે મળતી વસ્તુઓની યાદી હવે ઘણી લાંબી થઈ ગઈ છે. તેમાં આર્ટિફિશિયલ ફૂલોની માળા, રંગબેરંગી એલઈડી લાઇટ્સ, ઝુમ્મર, રંગોળીની સામગ્રી, ફેન્સી લેમ્પ અને વિવિધ પ્રકારનાં ડેકોરેશનનો સમાવેશ થાય છે. ઉપરાંત મહેમાનોની આગતા-સ્વાગતા માટે વધારાના સોફા, ગાદલાં, ખુરશીઓ, ડાઇનિંગ ટેબલ, સ્માર્ટ ટીવી અને સંગીતનાં સાધનો પણ ભાડે મળી રહે છે. દિવાળીમાં મોટી પાર્ટી કે સામાજિક મેળાવડા માટે રસોડાનાં મોટાં વાસણો, ડિશ, ચમચી, ગ્લાસ સહિત કેટરિંગનાં સાધનો ભાડે લેવાનું ચલણ પણ વધી રહ્યું છે. એટલું જ નહીં, દિવાળી, બેસતા વર્ષ અને ભાઈબીજ જેવા પ્રસંગોએ પહેરવા માટે મોંઘી શેરવાની, ચણિયાચોળી, ડિઝાઇનર સાડીઓ તથા તેને મેચિંગ કૃત્રિમ ઘરેણાં પણ ભાડે ઉપલબ્ધ થઈ રહ્યાં છે.

## ઘરમાં સંગ્રહ કરવાની ઝંઝટમાંથી મુક્તિ

દિવાળી જેવા તહેવારોમાં ઘરને શણગારવા માટે લોકો મોંઘી લાઇટિંગ, ઝુમ્મર, ફેન્સી લેમ્પ અને વિવિધ સજાવટની વસ્તુઓ ખરીદે છે. પરંતુ તહેવાર પૂરો થયા પછી આ વસ્તુઓ આખું વર્ષ કબાટ કે સ્ટોરરૂમમાં જગ્યા રોકે છે. મોટાં વાસણો, વધારાની ખુરશીઓ, ટેબલ અને ફર્નિચરની પણ આવી જ સ્થિતિ હોય છે. હવે લોકો આ સમસ્યાનો ઉકેલ ભાડે વસ્તુઓ લઈને લાવી રહ્યા છે. જરૂરિયાત મુજબ વસ્તુઓ મેળવીને ઉપયોગ કર્યા બાદ પરત કરી શકાય છે.



## કિશોરી સાથે દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની કેદની સજા

સુરતઃ ઓક્ટોબર-૨૦૨૪માં શહેરના પુણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષિય કિશોરી શૌચાલય જવાનું કહીને ગયા બાદ ગુમ થતાં પોલીસે તપાસ કરીને ઉત્તર પ્રદેશના અયોધ્યા જિલ્લાના ગામે પહોંચીને સગીરા તથા આરોપી બુધારામ રાવતને શોધી કાઢ્યાં હતાં. તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપી સગીરાને મંદિરે લઈ જઈ લગ્ન કરી લીધાનું નાટક કરી તેણીની સંમતિ વિના વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. સરકારી વકીલ વી.એલ.ફળદુ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરી દલીલો કરવામાં આવી હતી. કોર્ટે આરોપી બુધારામ રાવતને દોષિત ઠેરવી સજા ફટકારી હતી. જ્યારે ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ પીડિતાને ૪ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ધનતેરસે NIMA દ.ગુ. પ્રાંત દ્વારા ભગવાન ધન્વંતરિ પૂજન કાર્યક્રમ યોજાયો



સુરતઃ ધનતેરસના પાવન પર્વ નિમિત્તે નેશનલ ઇન્ટિગ્રેટેડ મેડિકલ એસોસિયેશન દક્ષિણ ગુજરાત પ્રાંત દ્વારા આરોગ્ય અને આયુર્વેદના આરાધ્ય દેવતા ભગવાન ધન્વંતરિનો પૂજન કાર્યક્રમ નિરામય આયુર્વેદ હોસ્પિટલ, સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં NIMA સુરતના પ્રમુખ વૈદ્યરત્નમ સંદીપ પટેલ, મહામંત્રી ડો. નિતીન કે. પટેલ, ખજાનચી ડો. સંજય રૂમાલે, ઉપપ્રમુખ ડો. બંગલાવાલા, સહમંત્રી ડો. હર્ષદ માલી તથા કારોબારી સભ્યો ડો. વિજય જરીવાલા, ડો. વિજય ગાંધી, ડો. કુલદીપસિંહ મહિડા, ડો. નજીબ પઠાણ, ડો. અબુ તેમજ NIMA સુરત લેડીઝ વિંગનાં પ્રમુખ ડો. અલ્પાબેન ઠાકર સહિત મોટી સંખ્યામાં તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

### સરથાણાના સ્વામિનારાયણ મંદિરમાં સોમ-મંગળ ઉજવણી

સુરતઃ સરથાણા ખાતે આવેલા સ્વામિનારાયણ મંદિરમાં આગામી સોમવારના રોજ તા.૯મી નવે.એ અન્નકૂટનું આયોજન કરાયું છે. જેમાં સવારે 5:30 કલાકે મંગળા આરતી દર્શન, ધ્યાન, જીવનપ્રાણ સ્વામીબાપાના દિવ્ય આશીર્વાદ, સંસ્મરણ કીર્તન, ધૂન કરાશે. બાદમાં સવારે 11:15 કલાકે અન્નકૂટની પ્રથમ આરતી, બપોરે 12:15 કલાકે અન્નકૂટની બીજી આરતી અને બપોરે 1:15 કલાકે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. જ્યારે તા.10મીના રોજ મંગળવારે નવા વર્ષે સવારે 6:00 કલાકે મંગળા આરતી, કથાવાર્તા, જીવનપ્રાણ સ્વામીબાપાના આશીર્વાદ, સ્નેહમિલન થશે.

### કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે લક્ષ્મીપતિ ગ્રુપની મુલાકાત લીધી



સુરતઃ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે સુરત સ્થિત લક્ષ્મીપતિ ગ્રુપના ગાર્મેન્ટ ડિવિઝનની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ગ્રુપના ડિરેક્ટર સંજય સરાવગી અને પાર્થ સરાવગીએ તેમનું સ્વાગત કર્યું હતું. મુલાકાત દરમિયાન ટેક્નિકલ ટેક્સટાઇલ ક્ષેત્રે થઈ રહેલા વિકાસ, ગાર્મેન્ટ ઉદ્યોગની સંભાવનાઓ તથા ભારતીય વેપાર અને નિકાસને વેગ આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીએ ગાર્મેન્ટ ડિવિઝનની કામગીરીનું નિરીક્ષણ કરી ઔદ્યોગિક પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી અને ગ્રુપની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### ગતિ તો થતી જ રહે છે પરંતુ પ્રગતિ કેટલી થઈ તે જોવું જરૂરી: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાના જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં પ્રવચનપ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોના સાન્નિધ્યમાં ગિરનાર મંડન શ્રી નેમિનાથ ભગવાનના જિનાલયમાં શ્રી નેમિનાથ પ્રભુના ચ્યવન કલ્યાણક નિમિત્તે 'શ્રી વર્ધમાન શક્રસ્તવ મહાભિષેક' નું સુંદર આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં પ્રભુભક્તો ઉપસ્થિત રહ્યા હતા. લાભાર્થી પરિવાર તરફથી વિશિષ્ટ પ્રભાવના કરવામાં આવી હતી. આ પાવન ક્ષણે પૂ. આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, પ્રભુ આપણને સાચા અને સારા લાગે છે પણ જ્યાં સુધી પ્રભુ મારા છે એવું નહીં લાગે ત્યાં સુધી જીવનવિકાસ નહીં થાય. ગતિ તો આપણી સતત ચાલુ જ છે પણ પ્રગતિ કેટલી થઇ ? એ તપાસનો વિષય છે.

### એડ્વોકેટ પ્રીતિ જીગ્નેશ જોશીના કાર્યાલયે ધનતેરસ અને ચોપડા પૂજનની ઉજવણી કરાઈ



સુરતઃ ધનતેરસના પાવન પર્વ નિમિત્તે એડ્વોકેટ પ્રીતિ જીગ્નેશ જોશીના વ્યવસાયિક કાર્યાલય ખાતે ચોપડા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર સ્ટાફ પરિવારની ઉપસ્થિતિમાં લક્ષ્મીજીની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ સૌએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. તહેવારની ખુશી સ્ટાફ પરિવાર સાથે વહેંચવાના હેતુથી દરેક કર્મચારીને ડાયરી અને ભેટનું વિતરણ કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

### મોહસિન અલીમોહમ્મદ શેઠને પ્રતિષ્ઠિત 'ભારત ભૂષણ પુરસ્કાર ૨૦૨૬' એનાયત



સુરતઃ સુરતના જાણીતા યુવા ઉદ્યોગસાહસિક, પાવરલિફ્ટર મોહસિન અલીમોહમ્મદ શેઠને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ જીવરાન ફાઉન્ડેશન દ્વારા 'ભારત ભૂષણ પુરસ્કાર ૨૦૨૬' (એક્સક્લુઝિવ ગ્લોબલ ઓનર)થી સન્માનિત કરવામાં આવ્યા છે.

### સાહિત્ય સંગમમાં આજે કવિ સંમેલનનું આયોજન

સુરતઃ સાહિત્ય સંગમ અને સંવાદ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આજે ગોપીપુરા, કાજીનું મેદાન, સાહિત્યસંગમ ખાતે સાંજે 6 વાગ્યે કવિ સંમેલન યોજાશે. જેમાં જાણીતા કવિઓ મુકુલ ચોક્સી, હર્ષવી પટેલ, હરીશ ઠક્કર, પ્રણય વાઘેલા અને રવિ સેવક ભાગ લેશે.

# સાટા પ્રથામાં લગ્ન કરનારને પતિ સહિત સાસરિયાએ ત્રાસ આપ્યો

**નાના** વરાછામાં રહેતા પતિ સહિત પાંચ સાસરિયાઓ વિરુદ્ધ ગુનો દાખલ

સુરતઃ નાના વરાછા વિસ્તારમાં સામા-સામે લગ્ન થયા બાદ પિયરમાંથી ઘંઘા માટે રૂ. 5 લાખની રોકડ રકમ કઢાવી લાવવા દબાણ કરીને, અવારનવાર મારઝૂડ કરી અને નાના માસૂમ બાળક સાથે ઘરમાંથી હાંકી કાઢનાર પતિ સહિત પાંચ સાસરીયાઓ વિરુદ્ધ ગંભીર ગુનો નોંધવામાં આવ્યો છે. આ મામલે પોલીસે કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

લસકાણા પાસોદરા ખાતે ચાર માસથી પિયરમાં રહેતી પરણિતાના મોટા ભાઈના લગ્ન 2023માં થયા હતા અને તેના થોડા દિવસો બાદ તા. 09/03/2023 ના રોજ સમાજના રીતિ-રિવાજ મુજબ સાટાપ્રથામાં યુવતીના લગ્ન રઘુવીરભાઈ દામજીભાઈ બારસીયા (રહે. મનમંદિર સોસાયટી, શ્યામધામ ચોક, નાના વરાછા, સુરત) સાથે થયા હતા. લગ્નના થોડા સમય બાદ જેઠ અજય બારસીયા રસોઈ બાબતે 'ટીફીનમાં માકડ આવે છે, તને રસોઈ બનાવતા નથી આવડતું' તેમ કહી ઝઘડો કરતા હતા. જ્યારે પતિ રઘુવીર નશો કરીને ઘરે આવીને ગાળાગાળી કરી મારઝૂડ કરતા હતા. સાસુ રાધાબેન અને સસરા દામજીભાઈ ગામડેથી આવ્યા બાદ 'તું પિયરેથી કઈ શીખીને આવી નથી અને કરિયાવરમાં કઈ લાવી નથી' કહી મેણા-ટોણા મારતા હતા. સને 2025માં બાળકના જન્મ બાદ પતિએ નવો ધંધો શરૂ કરવા માટે પિયરમાંથી પાંચ લાખ લઈ આવવા દબાણ કર્યું હતું. જેમાં નણંદ સરસ્વતી અને વિનતાબેન પણ ભાઈ પ્રદિપ સાથેના પારિવારિક ડખ્ખાની અદાવત રાખીને પરણિતાને ચઢામણી કરી માનસિક ત્રાસ આપતા હતા. છ મહિના અગાઉ નણંદ સરસ્વતી પિયરે ચાલ્યા ગયા બાદ, નાની નણંદ વિનતાએ ફોન કરીને પતિને ચઢામણી કરતા રઘુવીરભાઈએ 'તારા ભાઈએ મારી બહેનને કાઢી મૂકી છે, જેથી તું પણ મને જોઈતી નથી અને તારા ભાઈને જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપીને પરણિતાને માસૂમ પુત્ર સાથે ઘરમાંથી હાંકી કાઢ્યા હતા.

# ગોટાલાવાડી ટેનામેન્ટના ફ્લેટનું વેચાણ કર્યા બાદ ભાડું પચાવી પાડી વિશ્વાસઘાત

**મિલકત** ખરીદ્યા બાદ રિડેવલોપમેન્ટ યોજના અંતર્ગત મળતું માસિક ભાડું આરોપીઓએ પોતાના ખાતામાં મેળવી લીધું

સુરત : કતારગામ વિસ્તારમાં ગોટાલાવાડી ટેનામેન્ટના ફ્લેટના વેચાણ કરાર પેટે રકમ ચૂકવ્યા બાદ, મનપાની રિડેવલોપમેન્ટ યોજના હેઠળ મળવાપાત્ર માસિક ભાડાની રકમ પચાવી પાડીને વેપારી સાથે વિશ્વાસઘાત આચરવામાં આવ્યો હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે પીડિત દલાલ દ્વારા કતારગામ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

સિંગણપોર રોડ ડી માર્ટ પાસે રિવર પાર્ક સોસાયટીમાં રહેતા અને જમીન લે-વેચની દલાલીનું કામ કરતા હરીશભાઈ કમાભાઈ ચોપડા (ઉ.વ. 55) દ્વારા કતારગામ પોલીસમાં ફરિયાદ કરાઈ હતી. તે મુજબ તા. 18/05/2019 ના રોજ આરોપી ઉષાબેન તેજાભાઈ નાગર (પત્ની મહેશભાઈ ગોહિલ), રેખાબેન તેજાભાઈ નાગર (પત્ની જયંતીભાઈ ઝાલા), વિમળાબેન જયેશભાઈ નાગર તથા જયેશભાઈ તેજાભાઈ નાગર પાસેથી સુરતના કતારગામ ખાતે આવેલ ગોટાલાવાડી ટેનામેન્ટના ફ્લેટ નં. એ/4/36 ની મિલકત રૂપિયા 8,51,000 નો કિંમતી અવેજ ચૂકવીને કબજા સહિતના વેચાણ કરારથી ખરીદી હતી. જેમાં રિડેવલપમેન્ટ સ્કીમમાં આવાસની ફાળવણીની સાથે સાથે માસિક ભાડું પણ હરીશભાઈને મળે તેવો કરાર કરવામાં આવ્યો હતો. માસિક રૂપિયા 7,000 ભાડું મર્હુમ જયેશભાઈ નાગરના બેંક ખાતામાં જમા કરવામાં આવ્યું હતું.

તા. 04/05/2022 થી તા. 06/12/2022 સુધી ડબલ ભાડું તેમજ તા. 05/01/2023 થી તા. 16/12/2025 સુધીનું ભાડું આરોપીઓએ હરીશભાઈને સોંપ્યું ન હતું. જેથી આ મામલે હરીશભાઈ ચોપડાની ફરિયાદના આધારે કતારગામ પોલીસે ઉષાબેન તેજાભાઈ નાગર, રેખાબેન તેજાભાઈ નાગર અને વિમળાબેન જયેશભાઈ નાગર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કાશીબા ગોટી ટ્રસ્ટની અનોખી ઝુંબેશ

# '1008 સરસ્વતીધામ નિર્માણ'માં મનહર કાકડીયા સહયોગી બન્યા

**મનહરભાઈ** કાકડિયા 352થી 702 સરસ્વતીધામના નિર્માણ માટે 50% ખર્ચના મુખ્ય દાતા બનશે



સુરતઃ સુરત સ્થિત 'માતુશ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા દેશના અંતરિયાળ, આદિવાસી અને વંચિત વિસ્તારોમાં શિક્ષણની પાયાની સુવિધાઓ વિકસાવવા માટે 'સરસ્વતીધામ નિર્માણ અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી કેશુભાઈ હરિભાઈ ગોટીના સંકલ્પથી શરૂ થયેલા આ અભિયાનમાં 1008 સરસ્વતીધામ ભવનોનાં નિર્માણનો મહાસંકલ્પ લેવામાં આવ્યો છે. આ મહાસંકલ્પને સાકાર કરવા માટે સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને કાકડિયા બિલ્ડર્સના શ્રી મનહરભાઈ કાકડિયા ઉમદા ભાવ સાથે આગળ આવ્યા છે. તેમણે ક્રમાંક 352થી 702 સુધીના કુલ 351 સરસ્વતીધામ ભવનોના નિર્માણ માટે થનાર કુલ ખર્ચના 50 ટકા રકમનું અનોખું આર્થિક અનુદાન આપવાની સંમતિ દર્શાવી છે. કાશીબા ગોટી ટ્રસ્ટના ઇતિહાસમાં આ સૌથી મોટો દાનસહયોગ છે. ટ્રસ્ટને વિશ્વાસ છે કે આવા સમર્પિત દાતાઓના સહયોગથી 1008 સરસ્વતીધામ ભવનોનાં નિર્માણનો મહાસંકલ્પ જલ્દી પુરો થશે.

# દિવાળીના ફટાકડા બન્યા જોખમી સુરતમાં બે બાળકો સહિત ત્રણ દાઝ્યા

**કતારગામમાં** થાપા પર ફટાકડાની ચિનગારીથી 8 વર્ષીય બાળક દાઝ્યું

**સચિનમાં** 10 વર્ષીય બાળક દારૂખાનું સળગાવતાં મોઢાના ભાગે દાઝ્યો

સુરત : શહેરના હાલમાં દિવાળીના તહેવારમાં અલગ-અલગ વિસ્તારોમાં ફટાકડા ફોડતી વખતે બે બાળકો સહિત ત્રણ વ્યક્તિ દાઝી જતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના વતની ગુડ્ડુ ગુપ્તા હાલમાં કતારગામની લલિતા પાર્ક સોસાયટીમાં પરિવાર સાથે રહે છે અને મજૂરીકામ કરે છે. તેમનો 8 વર્ષીય પુત્ર યશ સરકારી શાળામાં અભ્યાસ કરે છે.

ગત રાત્રે યશ ઘર પાસે ફટાકડા ફોડી રહ્યો હતો ત્યારે અચાનક ફટાકડાની ચિનગારીથી તેના જમણા થાપાના ભાગે દાઝી જવાની ઈજા થઈ હતી. પરિવારજનોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરતાં તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

બીજા બનાવમાં, મૂળ બિહારના વતની મનીષ સોનાર હાલમાં સચિનના વાંઝ ગામની આકાશ સોસાયટીમાં પરિવાર સાથે રહે છે અને કેમિકલ કંપનીમાં નોકરી કરે છે. તેમનો 10 વર્ષીય પુત્ર આયુષ ઘર પાસે ફટાકડા ફોડી રહ્યો હતો. આ દરમિયાન ફટાકડામાંથી દારૂખાનું કાઢીને સળગાવવાનો પ્રયાસ કરતાં અચાનક તે મોઢાના ભાગે દાઝી ગયો હતો. તેને 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આયુષ મોઢાના આશરે 10 ટકા ભાગે દાઝ્યો હોવાનું જાણવા મળ્યું છે. તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ત્રીજા બનાવમાં, ગત 4 નવેમ્બરની રાત્રે મોટા વરાછાના રામ ચોક પાસેથી આશરે 65 વર્ષીય અજાણ્યો પુરુષ ફટાકડાના કારણે શરીરના વિવિધ ભાગે દાઝેલી હાલતમાં મળી આવ્યો હતો.તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સાવચેતી રાખીને જો ફટાકડાં ફોડવામાં નહીં આવે તો દાઝી જવાની સંભાવના રહેલી છે.

## ઉધનામાં ટ્રાન્સફોર્મરમાંથી પિત્તળના કોકની ચોરી બાદ આગ

સુરત : 17 ઓક્ટોબર, 2026ના રોજ વહેલી સવારે ઉધનામાં રક્તદાન કેન્દ્રની સામે આવેલા વીજ ટ્રાન્સફોર્મરમાં આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. તપાસમાં ટ્રાન્સફોર્મરના નીચેના ભાગે તેમજ કન્ઝર્વેટર ઓઈલ ટેન્કનો અંદાજે રૂપિયા 2,200ની કિંમતનો પિત્તળનો કોક ચોરાઈ ગયો હોવાનું બહાર આવ્યું હતું. કોકની ચોરીના કારણે ટ્રાન્સફોર્મરનું ઓઈલ લીક થઈ ખાલી થતાં આંતરિક ખામી સર્જાઈ હતી અને આગ લાગી હતી. ઉપરાંત, 11 ઓક્ટોબર, 2026ના રોજ ઉધનાના રેવા નગર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલા ત્રણ વીજ ટ્રાન્સફોર્મરમાંથી અજાણ્યા તસ્કરો કુલ ચાર પિત્તળના કોક ચોરી ગયા હતા.ખટોદરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# નશામાં કારચાલકે બાઈક સવારને ઉડાડ્યો

**પરવટ** પાટિયા આઈમાતા રોડ પર શનિવારે રાત્રે અકસ્માત

**ઉશ્કેરાયેલા** ટોળાના ડરથી કારમાંથી બહાર ન આવતાં લોકોએ કાચ તોડ્યા

**ટોળાને** કચડી નાખવાનો પ્રયાસ કરી કારચાલક પૂરપાટ ઝડપે ફરાર





સુરતઃ પર્વત પાટિયા વિસ્તારમાં આવેલા આઈ માતા રોડ પર શનિવારે રાત્રે બેફામ કારચાલકે અકસ્માત સર્જતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

મળેલી માહિતી મુજબ, પર્વત પાટિયા આઈ માતા રોડ પર કારચાલકે બેફામ રીતે કાર હંકારતાં આગળ જઈ રહેલા બાઈકસવારને જોરદાર ટક્કર મારી હતી. રાહદારીઓના જણાવ્યા મુજબ કારચાલક નશાની હાલતમાં હોવાનું પણ ચર્ચાઈ રહ્યું હતું. અકસ્માત સર્જીને ભાગવાનો પ્રયાસ કરતાં લોકોએ આશરે એક કિલોમીટર સુધી તેનો પીછો કર્યો હતો અને અંતે તેને ઘેરી લીધો હતો.

જોકે, લોકોના ટોળાથી ગભરાયેલા કારચાલકે કારમાંથી બહાર આવવાની હિંમત કરી નહોતી. જેના પગલે રોષે ભરાયેલા લોકોએ કારના કાચ તોડી નાખ્યા હતા. એટલું જ નહીં, આગળના અને સાઇડના કાચ પણ તોડવાનો પ્રયાસ કર્યો હતો.

આ દરમિયાન કારચાલકે કારની સ્પીડ વધારી લોકોના ટોળાને કચડી નાખવાનો પ્રયાસ કરતાં લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. ત્યારબાદ કારચાલક પૂરપાટ ઝડપે કાર હંકારી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. બીજી તરફ અકસ્માતમાં ઇજાગ્રસ્ત બાઈકસવારને સ્થાનિક દવાખાનામાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. બનાવને પગલે ઘટનાસ્થળે લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં.

# સચિન GIDCમાં ઉદ્યોગો માટે રજાઓમાં પોલીસ રહેશે



સુરતઃ દિવાળીની રજાઓ દરમિયાન સચીન GIDCની અંદર આવેલા અંદાજે 5000 ઉદ્યોગોની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ વિભાગ, નોટિફાઈડ ઓથોરિટી અને સોસાયટીના હોદ્દેદારોની સંયુક્ત બેઠક યોજાઈ હતી. બેઠકમાં સચીન GIDC પોલીસ સ્ટેશનના પીઆઈ.કુલદીપસિંહ ગોહિલ, સોસાયટીના પ્રમુખ મયુર ગોળવાલા, સેક્રેટરી કિશોર પટેલ સહિત પોલીસ, નોટિફાઈડ ઓથોરિટી અને ઉદ્યોગકારોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં નક્કી થયા મુજબ તા. ૭થી ૧૮ નવેમ્બર દરમિયાન બે PCR વાન અને ત્રણ સિક્યોરિટી વાહનો દ્વારા સમગ્ર ઔદ્યોગિક વસાહતમાં ૨૪ કલાક પેટ્રોલિંગ કરવામાં આવશે. વસાહતના વિવિધ સ્થળોએ લગાવાયેલા ૧૦૫ CCTV કેમેરાનું મોનિટરિંગ નોટિફાઈડ કચેરીના કંટ્રોલ રૂમમાંથી કરવામાં આવશે. તમામ પ્રવેશદ્વારો અને મુખ્ય ચોકડીઓ પર સુરક્ષા કર્મચારીઓ તહેનાત રહેશે. શંકાસ્પદ વ્યક્તિ કે ગેરકાયદે પ્રવૃત્તિ જણાય તો ઇમરજન્સીમાં ૧૧૨ અથવા PI ગોહિલનો સંપર્ક કરવા જણાવાયું છે.